# મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ

**૧૫ દેશોના ૪૫ પતંગબાજો તેમજ ૫ રાજ્યોના ૫૫ પતંગબાજો મહેસાણામાં યોજાયેલ પતંગોત્સવમાં પતંગની મજા માણી- પતંગ ઉડ્ડયન માટે આવ્યા**





મહેસાણા, તા. ૧૨

મહેસાણા ખાતે યોજાયેલ આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં સંસદ સભ્ય શ્રીમતી શારદાબેન પટેલે જણાવ્યું હતું હતું કે રાજ્યનો પતંગોત્સવ થકી દેશ અને દુનિયાભરના લોકોનું ધ્યાન કેન્દ્રિત થયું છે. દરેક ઉત્સવ માનવજાતને કોઇ સંદેશો આપતો હોય છે.પતંગોત્સવ વિકાસની ગતિ સાથે પ્રકૃતિની પૂજાનો અનોખો સંદેશ આપે છે.

સંસદ સભ્ય શારદાબેન પટેલે ઉમેર્યું હતું કે ગુજરાત સર્વાંગિ વિકાસનું રોલ મોડેલ બન્યું છે.આપણે પણ પતંગોત્સવ માં ઉડતા પતંગની જેમ વિકાસના ગગનમાં રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનીએ.તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં રાષ્ટ્ર નવા-નવા સોપાનો સર કરીને સમગ્ર વિશ્વમાં રોલ મોડલ બન્યું છે.

રાજયસભાના સંસદ સભ્ય જુગલજી ઠાકોરે જણાવ્યું હતું કે પતંગોત્સવ થકી રાજ્યના પતંગ ઉધોગને વેગ મળ્યો છે.તેમણે ઉમેર્યું કે મંકરસંક્રાતિના પર્વનું વૈજ્ઞાનિક મહત્વ પણ છે. આ ઉત્સવોના પરિણામે સમગ્ર પૃથ્વી અને જનજનમાં નવા ઉત્સાહનો સંચાર થાય છે તેમણે ઉમેર્યું હતું કે જીવનમાં જીવનમાં નિરાશા વ્યાપે નહીં અને માનજીવનમાં નવા ઉત્સાહનો સંચાર થાય એ જ ઉત્સવોનું હાર્દ છે.

નિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે પતંગોત્સવ દ્વારા સમગ્ર વિશ્વને જોડનારો ઉત્સવ બન્યો છે.આજે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી પણ કરાઇ રહી છે.ગુજરાતે પરંપરાઓને સંસ્થાગત કરી લોકોના જીવનમાં ઉત્સાહ અને ઉમંગ આપવાનું કામ થયું છે.તેમણે મહેસાણાના અતિથિ બનેલા દેશ-વિદેશના મહાનુભાવોનું સ્વાગત કરી શુભકામનાઓ પાઠવી હતી.



**બાયડ તાલુકાનું બ્રહ્મ સમાજનું ગૌરવ**

બાયડના રહીશ તથા સામાજિક કાર્યકર રાજનભાઈ જીતેન્દ્રભાઈ જોષી ને સામાજિક જીવન ઉપર સુંદર કાર્યો કરવા બદલ સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મ ગૌરવ એવોર્ડ એનાયત કરવામાં આવતા બાયડ તાલુકામાં આનંદ છવાઇ ગયો હતો તેમની સિદ્ધિ ને બાયડ તાલુકાના આગેવાનો આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# ખેડબ્રહ્મામા ઉત્તરાયણ પહેલા બાઈક ચાલકનું ગળું કપાતા ૧૦ ટાંકા લેવાયા

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મામાં સ્ટેટ હાઈવેથી પોતાના ઘર તરફ જતા બાઈક ચાલકને ધારદાર દોરી અચાનક ૧ગળાના ભાગે આવી જતાં કાપો પડી ગયો હતો. દોરી એટલી તીક્ષ્ણ હોઇ ગળાનો કેટલોક ભાગ કપાઇ જતાં લોહીલુહાણ થઇ ગયો હતો. ઘટનાને પગલે બાઈકચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં હોશ ગુમાવી ગયો હતો. આથી સ્થાનિકો અને સગાંઓ તાત્કાલિક આવી જતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ખેડબ્રહ્મા શહેરના પ્રતાપસિંહ કૃષ્ણસિંહ રાઠોડ બાઈક લઈ હાઈવેથી પોતાના ઘર તરફ જતાં દરમ્યાન અચાનક ગળાના ભાગે પતંગની દોરી ટકરાઈ હતી. દોરી એટલી ધારદાર હતી કે, જોતજોતામાં ગળાના ભાગે મોટો કાપો પડી ગયો હતો. અકસ્માતને પગલે બાઈકચાલકને તાત્કાલિક અસરથી ખાનગી દવાખાને સારવાર લેવાની ફરજ પડી હતી. જેમાં પ્રતાપસિંહને ગળાના ભાગે ૧૦ ટાંકા આવ્યા હોઈ ઉત્તરાયણની મજા વગર વાંકે બગડી છે. ઉત્તરાયણને હજુ બે દિવસની વાર છે ત્યારે પતંગ રસિયાઓની અત્યારથી જ શરૂઆત થઇ છે. જેમાં આજે બનેલી ઘટના બાદ શહેરના રાહદારીઓ અને વાહનચાલકોને ભારે ફફડાટની વચ્ચે પસાર થવાની નોબત આવી છે. ઉલ્લેખનિય છે કે, બજારમાં ગેરકાયદેસર આવતી ચાઈનીજ દોરી તે સિવાયની તિક્ષ્ણ દોરી વચ્ચે ઉત્તરાયણનો મહોત્સવ પુર્ણ કરવો ભારે મથામણ સમાન બની ગયો છે.



# હિમતનગર જીલ્લા પોલીસનો ૨૦૨૦ રમતોત્સવનો પ્રારંભ થયો

**બે દિવસમાં ૧૮ રમતોમાં ૯૬૭ ખેલાડીઓ ભાગ લેશે**

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા પોલીસનો બે દિવસીય ચાલનારો રમતોત્સવ ૨૦૨૦નો રવિવારથી જીલ્લા પોલીસ વડાએ પ્રારંભ કરાવ્યો હતો.તો આવતીકાલે સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સમાપન સમારોહ યોજાશે જેમાં વિજેતા ખેલાડીઓનું સન્માન કરવામાં આવશે.



આ અંગેની વિગત એવી છે કે હિમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર સુરક્ષા સેતુ સબરકંઠા આયોજીત રમતોત્સવ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું.બે દિવસ ચાલનાર રમતોત્સવનું રવિવારે જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિકે મશાલ જવલન કરી પ્રારંભ કરાવ્યો હતો તો જીલ્લાના ડીવાયએસપી,વિવિધ પોલીસ સ્ટેશનના પીએસઆઈ,પીઆઈ સહીત ૫૦ અધિકારીઓ અને ૫૬૭ કમર્ચારીઓએ ૧૮ જેટલી રમતમાં ભાગ લીધો.જે ખેલાડીઓ અને અધિકારીઓએ ટીમની કમાન સાંભળી માર્ચ પાસ્ટ કરી હતી તો ૧૦૦૦ જેટલા સીડ્સ બલુન પણ છોડવામાં આવ્યા હતા.તો સુરક્ષા સેતુ આયોજિત રમતોત્સવ ૨૦૨૦ માં પોલીસ પોલીસ અને પોલીસ પ્રજા વચ્ચેના રમતોત્સવ માં રવિવારે ૧૦૦, ૨૦૦, ૪૦૦,અને ૮૦૦ મીટર દોડ,કુદ,ગોળા ફેક,રસ્સા ખેંચ, કબડી,વોલીબોલ સહિતની ૬ રમતો દિવસ ભર રમાશે તો બે દિવસમાં ૧૮ રમતોમાં ૯૬૭ રમતવીરો ભાગ લેશે જેમાં ૭૪૩ પુરુષ અને ૨૨૪ મહિલાઓનો સમાવેશ થાય છે.



તો આવતીકાલે સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સમાપન સમારોહ યોજાશે જેમાં ૧૮ રમતોમાં પ્રથમ,દ્વિતીય અને તૃતીય મહિલા અને પુરુષ વિભાગના વિજેતા ખેલાડીઓનું સન્માન કરવામાં આવશે.

# મોડાસા સાયરા(અમરાપુર) 'નિર્ભયા' કેસ : ૩ નરાધમોએ પોલીસની ધોંસ વધતા રૂરલ પોલીસ સામે સરેન્ડર

**પોલીસે કાર પણ કબ્જે લીધી**

મોડાસા, તા. ૧૨

મોડાસાના સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ,દુષ્કર્મ અને હત્યાની ઘટના પછી સમગ્ર ગુજરાતમાં ઘટનાના ભારે પડઘા પડી રહ્યા છે ''નિર્ભયા'' કાંડને અંજામ આપનાર ચાર આરોપીઓ માંથી ૩ આરોપીઓએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કર્યું હતું જેમાં બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કર્યુ હતું જ્યારે સતીષ ભરવાડ નામનો આરોપી હજુ પણ ફરાર છે.પોલીસે ૧૯ વર્ષીય યુવતીના અપહરણમાં વપરાયેલી આઈ-૨૦ કાર આરોપીના ઘરે થી કબ્જે લીધી હતી.



મોડાસા શહેરમાં ''નિર્ભયા'' ના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં સાંસદ ડૉ.કિરીટ સોલંકીએ જીલ્લા પોલીસવડા મયુર પાટીલ અને કલેક્ટરને કોઈ પણ સંજોગોમાં તાત્કાલિક ધોરણે ધરપકડ કરવામાં આવેની તાકીદ કરતા ગુન્હો નોંધવામાં અને તપાસમાં ઢીલી નીતિ અખત્યાર કરનાર પોલીસતંત્ર હરકતમાં આવી ૬ કલાકના ટૂંકા ગાળામાં ત્રણ આરોપીઓ પર ધોંસ વધારતા ત્રણ આરોપીઓ સરન્ડર કરવા મજબુર બન્યા હતા એસસી-એસટી સેલના ડીવાયએસપી ગઢવીએ શનિવારે રાત્રે પત્રકાર પરિષદ કરી ત્રણ આરોપીઓએ સરન્ડર કર્યુ હોવાનું જણાવ્યું હતું.

હાલ સરેન્ડર કરેલ બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમાર ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ વધુ તપાસ હાથધરી આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથધરી હજુ પોલીસ પકડથી દૂર રહેલા રમાણા ગામના સતીશ ભરવાડ નામના નરાધમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શું હતો સમગ્ર કેશ, મોડાસાના સાયરા(અમરાપુર)ની ૩૧ ડિસેમ્બરથી પાંચ દિવસથી ગુમ યુવતીની લાશ ઝાડ પર લટકતી હાલતમાં મળી હતી. જે બાદ યુવતીના પરિવારજનોએ દુષ્કર્મ અને હત્યાનો ગુનો નોંધવાની માંગ કર્યા બાદ જ લાશનો સ્વીકાર કરવાનું જણાવ્યુ હતું. પોલીસે ફરિયાદ ના નોંધતા વાતાવરણ તંગ બન્યુ હતું અને મોડાસામાં લોકોએ ચક્કાજામ કર્યુ હતું. ૭ જાન્યુઆરીએ પોલીસે સમાજનો આક્રોશ જોઈ ચાર લોકો વિરૂદ્ધ, અપહરણ-દુષ્કર્મ અને હત્યા તેમજ એટ્રોસિટી એક્ટ મુજબ ગુનોં નોધ્યો હતો અને જેની તપાસ એસટી એસસી સેલના ડીવાયએસપી ગઢવીને સોપી હતી. તેમજ યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ૮ જાન્યુઆરીએ પીએમ કરાવ્યા બાદ યુવતીના માતા-પિતાની તબિયત લથડતા મૃતદેહ સ્વીકારીને પરિવાર પરત ગયો હતો. ૯ જાન્યુઆરીએ સમાજના રીતિ રિવાજ મુજબ મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં અંતિમ વિધિ કરવામાં આવી હતી.

# પ્રાંતિજ ખાતે કેન્ડલ માર્ચ રેલી યોજી આરોપીઓને ફાંસીની સજા થાય તેવી માંગ




પ્રાંતિજ તા.૧૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાયરા ગામમાં રહેતી અનુસૂચિત જાતિની દિકરીના હત્યારા ઓને ફાંસી ની સજા થાય તેવી માંગ સાથે કેન્ડલ માર્ચ રેલીયોજાઇ જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી સર્વ ધર્મના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાયરા અમરાપુરની ધટના ને લઈને ઠેરઠેર આવેદનપત્રો આપવામાં આવી રહ્યાં છે અને તેના હત્યારાઓને ફાંસી ની સજા થાય તે માટે અનુસુચિત જાતિના લોકો સહિત દરેક સમાજ ના લોકો દ્વારા ગુનેગારોને ફાંસી ની સજા થાય તે માટે ઠેરઠેર આવેદનપત્રો પાઠવવામાં આવી રહ્યાં છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સદભાવના સમિતિ દ્વારા પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ સ્વામી વિવેકાનંદના બાવળા પાસેથી ડાઁ. બાબાસાહેબ આંબેડકરના બાવળા સુધી કેન્ડલ માર્ચ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી અનુસૂચિત જાતિ સમાજના લોકો સહિત સર્વધર્મ ના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતાં અને હત્યારાઓને ફાંસીની સજા થાય તેવી માંગ કરી હતી.

# પરેશ ધાનાણી સામે અનુસૂચિત જાતિ સમાજમાં આક્રોશ...

**અરવલ્લીની મુલાકાત લીધી પણ સાયરાની 'નિર્ભયા' ને શ્રદ્ધાંજલિ માટે સમય ન મળ્યો..!**

મોડાસા, તા. ૧૨

મોડાસાનાં સાયરા અમરાપુર ગામની ૧૯ વર્ષની યુવતીનું અપહરણ કરીને તેની પર દુષ્કર્મ આચરીને તેની હત્યાનાં અગિયાર દિવસે તેમાં સંડોવાયેલા ચાર આરોપીમાંથી ત્રણ આરોપી યુવાનોએ શનિવારે રાતે સરેન્ડર કરી દીધું છે. ''નિર્ભયા'' ને શનિવારે મોડાસા ટાઉનહોલ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજ્યો હતો જેમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા બીજીબાજુ વિરોધપક્ષ ના નેતા પરેશ ધાનાણી શનિવારે મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના સંવાદ કાર્યક્રમમાં જતા પહેલા બાયડ તાલુકાના સાઠંબા ગામે કાર્યકરોની મુલાકાત કરતા ફોટા સોશ્યલ મીડિયામાં ફરતા થતા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી પાસે કાર્યકરો પાસે બેસી ચા-નાસ્તો કરવાનો સમય મળ્યો પરંતુ મોડાસાના સાયરા (અમરાપુર) ગામની ''નિર્ભયા'' ને શ્રદ્ધાંજલિ આપવાનો સમય કે પીડિત પરિવારની મુલાકાત લેવાનો સમય ન મળ્યો જેવા પ્રશ્નો અનુ.જાતિ સમાજમાં પેદા થયા હતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો

વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી તેમના ઓફિશિયલ ફેસબુક પર અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબા ગામની મુલાકાત લઈ કાર્યકરો સાથે મુલાકાતના ફોટો પોસ્ટ કરતા



રવિવારે પરેશ ધાનાણી ના ફોટા અનુ.જાતિ સમાજના વિવિધ વોટ્સએપ્પ ગ્રુપ અને સોશ્યલ મીડિયામાં ફરતા થતા અનુ.જાતિ સમાજના લોકોમાં પરેશ ધાનાણી સામે ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે અનુ.જાતિ સમાજનો કોંગ્રેસ વોટબેંક તરીકે જ ઉપયોગ કરતી હોવાનો આક્ષેપ પણ અનુ.જાતિ ના અગ્રણીઓએ અને યુવાનોએ પરેશ ધાનાણી સામે ભારે રોષ પ્રવર્તી રહ્યો છે રાજ્યમાં સામાન્ય ઘટનાઓમાં પણ વિરોધપક્ષના નેતા રાજકારણ કરવા પહોંચી જતા હોય છે અને ઘટનાને વખોડતા નિવેદન આપતા હોય છે ત્યારે સાયરા (અમરાપુર) ગામની ૧૯ વર્ષીય ''નિર્ભયા'' માટે આ ઘટનના ૧૨ દિવસ પછી પણ કોઈ પણ પ્રકારનું નિવેદન કરવાનું મુનાસીબ નહિ સમજતા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં પણ ભારે ટીકા થઈ રહી છે પરંતુ કોંગ્રેસના નેતા હોવાથી કોઈ ખોલીને બોલવા તૈયાર ન હોવાનું કોંગ્રેસના એક અગ્રણીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

# ડીસાની ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ પામેલ પરણિતાને શ્રદ્ધાંજલિ અપાઈ

ડીસા, તા. ૧૨



ડીસા શહેરમાં થોડા દિવસ અગાઉ ડોક્ટર સી. કે. પટેલની હોસ્પિટલમાં કિંરણબેન રજનીકાંત વૈષ્ણવ નામની પરિણાતાનું પ્રસૂતિ દરમિયાન મૃત્યુ થતા ચકચાર મચી જવા પામી હતી જ્યારે તેણીના પરિવારમાં તો.માતમ છવાયો હતો.પરીવારજનો દ્વારા ડોકટરની બેદરકારીથી મોત થયું હોવાના આક્ષેપ પણ થયા હતા પરંતુ ડોક્ટર સામે પોલીસ દ્વારા માત્ર અકસ્માત મોતનો ગુનો નોંધીને ફરિયાદ લેવામાં



આવી હતી. ડોકટરની બેદરકારી હોવા છતાં ડોક્ટર સામે કાયદેસર ગુનો દાખલ ન થતા પરિણીતાના પરિવારજનોમાં રોષની લાગણી છવાઈ હતી જેથી કિંરણબેનના પરિવારજનો દ્વારા ડીસાના સાઈ બાબા મંદિર પાસે કેન્ડલ જલાવીને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમા મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજ તથા અન્ય સમાજના લોકો ઉપસ્થિત રહીને કિંરણબેનની આત્માને શાંતિ મળે તે માટે મીણબત્તી જલાવીને શ્રદ્ધાંજલિ આપી હતી સાથે-સાથે કિંરણબેનના ભાઈએ મીડિયા સામે ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે મારી બહેન ડોક્ટરની બેદરકારીથી મૃત્યુ પામેલ છે અને બે દીકરા દીકરી મૂકીને જતા રહેલ છે જેથી અમારા ઉપર આભ તૂટી પડયું છે તો પણ ડીસા શહેર પોલીસ દ્વારા હત્યાનો ગુનો દાખલ કરવામાં આવેલ નથી માત્ર અકસ્માતનો ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી રહી છે પણ અમારા સમાજના તમામ લોકો અમારી સાથે છે તેથી અમો અમારી બેનના આત્માને શાંતિ મળે તે માટે પુરતી લડત આપીશું તેમજ અમારી બહેનને ન્યાય અપાવવા સમગ્ર સમાજ તથા ડીસા શહેરની જનતા સાથે કાયદાકીય દ્દષ્ટિએ ડોક્ટરને ખુલ્લા પાડીશું અને હત્યા કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી સરકારને વિનંતી પણ કરી હતી.

અગાઉ પણ ડીસા શહેરમાં કેટલાક લોકોના ડોક્ટરની બેદરકારીથી મૃત્યુ થયા છે ત્યારે સરકાર દ્વારા તાત્કાલિક અસરથી લાપરવાહ ડોક્ટરો સામે તપાસ કરાવીને કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.



ખેડા જિલ્લામાં 'વાંચે ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમ માં ખેડા જિલ્લાના સાંસદ દેવુસિંહ ચૌહાણ, ગુજરાત સમાચારના પ્રસિદ્ધ લેખક પરાજિત પટેલ, જાણીતા આયુર્વેદ તજજ્ઞ શશીનાથ ઝા , સાહિત્યકાર સતિષભાઇ દેસાઈ તથા જાણીતા સાહિત્યકાર માનનીય ડો. દિપક કાશીપુરીયાની હાજરીમાં 'સમરસતા થકી જાતિવાદ મુક્ત નવા ભારતના નિર્માણમાં સહાયક કામગીરી બદલ' અરવલ્લી સામાજિક સમરસતા સમિતિના સંયોજક ચંદ્રકાન્ત પટેલ ને ગુજરાતના ખ્યાતનામ સુપ્રસિધ્ધ સાહિત્યકારોની હાજરીમાં સાંસદ દેવુસિંહ ચૌહાણ ના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.



અરવલ્લી જિલ્લામાં ઠંડીનું જોર વધ્યું ત્યારે ફૂટપાથ પર આશરો લઇ જીવન ગુજારતા શ્રમિકો અને નિરાધાર લોકો ને ઠંડીથી રક્ષણ મળે તે હેતુથી બાયડ તાલુકાના ચોઈલા ગામમાં લઘુમતી સમાજના સામાજિક કાર્યકર દ્વારા ફૂટપાથ પર સુતા અને જરૂરિયાત મંદ લોકો ને ધાબળા નું વિતરણ કરવામાં આવ્યું ફૂટપાથ પર સુઈ રહેલા નિરાધાર લોકો ને ધાબળા વિતરણ કરીને હાથ થીજાવતી ઠંડી માં હુંફ પુરી પાડવાનો ઉમદા પ્રયાસ કર્યો હતો.

# મોડાસામાં વોલીબોલ ટુર્નામેન્ટ સ્મેશીંગ તથા શુટીંગ ટુર્નામેન્ટમાં કુલ ૫૬ ટીમોએ ભાગ લીધો

**શુટીંગમાં અમદાવાની તેમજ સ્મેશીંગમાં મહેસાણાની ટીમ વિજેતા બની**

મોડાસા, તા. ૧૨

મોડાસા ખાતે વોલીબોલ ટુર્નામેન્ટ સ્મેશીંગ તથા શુટીંગ પ્રતિયોગીતા શરૂ થઈ છે. દેવાયતનગર અને વંદેમાતરમ સ્કીમ દ્વારા આયોજીત આ વોલીબોલ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ટીમોને આમંત્રણ આપવામાં આવ્યા હતા. જેમાં કુલ ૫૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં શુટીંગમાં અમદાવાદની ટીમ વિજેતા બની હતી. જ્યારે સ્મેશીંગમાં મોડાસા અને મહેસાણાની ટીમ વચ્ચે જંગ હતો જેમાં મહેસાણાની ટીમે વિજય પ્રાપ્ત કર્યો હતો.



આ વોલીબોલ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમને ૧૫ હજારનું રોકડ ઈનામ આપવામાં આવશે તેમજ રનર્સ-અપ ટીમને ૫૧૦૦નું ઈનામ અપાશે તેમ આયોજકો હિલન પટેલ, અંકિત પટેલ, તરૂણ ચૌહાણ,કેવલ પટેલ, પથિક પટેલ અને ખીલન પટેલે જણાવ્યું હતું. આ ટુર્નામેન્ટ શામળાજી ગોધરા હાઈવે પર આવેલ દેવાયતનગર-૨ના વોલીબોલ ગ્રાઉન્ડ ૧૦ મેદાનો તૈયાર કરીને શરૂ કરવામાં આવી છે. આ અંગે વોલીબોલ ટુર્નામેન્ટ સ્મેશીંગ તથા શુટીંગ પ્રતિયોગીતાના આયોજક કમલેશભાઈ પટેલ પૂર્વ ચેરમેન નાગરિક બેંક મોડાસા, કેડાઈ અરવલ્લીના પ્રમુખ તેમજ બન્ટીભાઈ યુવા પ્રમુખ કેડાઈએ જણાવ્યું હતું કે આ પ્રતિયોગીતામાં કુલ ૫૬ ટીમોએ ભાગ લીધો હતો જેમાં અમદાવાદની સૂર્યા ફાઉન્ડેશનની ટીમે શુટીંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જીત મેળવી હતી. જ્યારે વોલીબોલ ટુર્નામેન્ટમાં મોડાસા અને મહેસાણાની ટીમોમાં પ્રતિસ્પર્ધા હતી જેમાં મહેસાણાની ટીમે વિજય હાંસલ કર્યો હતો. આ ટુર્નામેન્ટમાં ૮ થી ૯ હજાર લોકોએ



રજીસ્ટ્રેશન કરાવી મેચ નિહાળી હતી.